# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 08-07-2024** **Evening : 7.50 to 8.00**
**Day : Monday** **National News**

## આકાશવાણી સમાચાર **જયેશ પટેલ** વાંચે છે.

****************************************************

- ✓ **પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી બે દિવસની મોસ્કો યાત્રાએ પહોંચ્યાઃ પ્રમુખ પુટીન સાથે દ્વિપક્ષીય મંત્રણા કરશે..**
- ✓ **સર્વોચ્ચ અદાલતે નીટ યુજી પરિક્ષામાં ગેરરિતી અંગે કેન્દ્ર સરકાર, રાષ્ટ્રીય પરિક્ષા સંસ્થા અને સીબીઆઇ પાસેથી અહેવાલ માંગ્યો..**
- ✓ **સારા ચોમાસાને પગલે દેશમાં ખરીફ પાકનાં વાવેતરમાં 14.1 ટકા વધારો..**
- ✓ **અમરનાથ યાત્રામાં પોની એમ્બ્યુલન્સ સેવા શરૂ થશેઃ યાત્રીઓ માટે મોબાઇલ કનેક્ટિવિટી વધારવામાં આવી..**
- ✓ **મુંબઇમાં મેઘરાજા અનરાધાર વરસ્યાઃ છ કલાકમાં 12 ઇંચ વરસાદથી જનજીવન ખોરવાયું...**
- ✓ **વિમ્બલ્ડનમાં કાર્લોસ અલ્કારાઝ અને જૈનિક સિનર ક્વાર્ટર ફાઇનલમાં...**

****************************************************

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)
(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

## PM RUSSIA VISIT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે સાંજે રશિયા અને ઓસ્ટ્રિયાની ત્રણ દિવસની સત્તાવાર મુલાકાતે પહોંચ્યા હતા. મોસ્કો વિમાન મથકે તેમને ગાર્ડ ઓફ ઓનર આપવામાં આવ્યું હતું. રશિયાના નાયબ પ્રધાનમંત્રી ડેનિસ માન્તુરોવે તેમનું સ્વાગત કર્યું હતું. આવતીકાલે ભારત અને રશિયા વચ્ચેની 22મી શિખર મંત્રણા દરમિયાન પ્રધાનમંત્રી મોદી અને રશિયાના પ્રમુખ વ્લાદિમીર પુટિન સંરક્ષણ, વેપાર, ઊર્જા, શિક્ષણ, સંસ્કૃતિ સહિતનાં અનેક દ્વિપક્ષીય મુદ્દે ચર્ચા કરશે. તેઓ દ્વિપક્ષીય હિતોનાં પ્રાદેશિક અને વૈશ્વિક વિકાસ પર એક બીજાનાં અભિપ્રાયો રજૂ કરશે. બંને નેતાઓ બ્રિક્સ, શાંઘાઇ સહકાર સંગઠન, જી-20, પૂર્વ એશિયા સમિટ અને યુએન જેવા જૂથોમાં દ્વિપક્ષીય સંબંધોની સમીક્ષા પણ કરશે.

રશિયન પ્રમુખ આજે સાંજે શ્રી મોદી માટે અંગત ભોજન કાર્યક્રમનું પણ આયોજન કરશે. આવતીકાલે, પ્રધાનમંત્રી રશિયામાં ભારતીય સમુદાય સાથે આદાનપ્રદાન કરશે. તેઓ ક્રેમલિનમાં અજ્ઞાત સૈનિકોની સમાધિ પર પુષ્પાંજલિ અર્પણ કરશે અને મોસ્કોમાં રોસ્તોમ પેવિલિયનની પણ મુલાકાત લેશે. એ પછી બંને નેતાઓ વચ્ચે પરસ્પર મુલાકાત થશે, અને ત્યારબાદ પ્રતિનિધીમંડળ સ્તરની મંત્રણા યોજાશે.

બે રાષ્ટ્રોની મુલાકાતનાં બીજા તબક્કામાં પ્રધાનમંત્રી આવતીકાલે ઓસ્ટ્રિયાની મુલાકાતે જશે. પ્રધાનમંત્રીની ઓસ્ટ્રિયાની આ પ્રથમ મુલાકાત છે. તેઓ ઓસ્ટ્રિયાના ચાન્સેલર સાથે પ્રતિનિધિમંડળની મંત્રણા કરવા ઉપરાંત ઉચ્ચ સ્તરીય વેપાર વાટાઘાટ પણ કરશે.

## SC NEET-UG CASE

સર્વોચ્ચ અદાલતે કેન્દ્ર સરકાર અને રાષ્ટ્રીય પરિક્ષા સંસ્થા-એનટીએને નીટ યુજી પેપર ગેરરિતી કેસમાં અહેવાલ રજૂ કરવા જણાવ્યું છે. અદાલતે સીબીઆઇને આ કેસમાં તેણે અત્યાર સુધી કરેલી તપાસ અંગેનો સ્ટેટસ રિપોર્ટ દાખલ કરવા પણ નિર્દેશ આપ્યો છે. અદાલતે એનટીએ, કેન્દ્ર સરકાર અને સીબીઆઇને બુધવારે સાંજે પાંચ વાગ્યા સુધીમાં તેમનાં અહેવાલ રજૂ કરવા જણાવ્યું છે. આ કેસમાં વધુ સુનાવણી ગુરૂવારે થશે.

નીટ યુજી પરિક્ષામાં ગેરરિતી અને અનિયમિતતા થઈ હોવાનો આક્ષેપ કરતી અને નવેસરથી પરિક્ષા લેવાનો નિર્દેશ આપવાની માંગણી કરતી સંખ્યાબંધ અરજીઓ પર મુખ્ય ન્યાયમૂર્તિ ડી વાય ચંદ્રચૂડ, ન્યાયમૂર્તિ જે બી પારડીવાલા અને ન્યાયમૂર્તિ મનોજ મિશ્રાની બનેલી ખંડ પીઠ સુનાવણી કરી રહી હતી.

મુખ્ય ન્યાયમૂર્તિએ જણાવ્યું કે, પરિક્ષાની પવિત્રતા સાથે સમાધાન થયું છે તેમાં કોઈ શંકા નથી. તેમણે જણાવ્યું કે, પુનઃ પરિક્ષાનો આદેશ આપતા પહેલાં કેટલાં પ્રમાણમાં પેપર લીક થયા છે તે જાણવું જરૂરી છે. અદાલતે જણાવ્યું કે, પરિક્ષા રદ કરવી એ અંતિમ ઉપાય છે.

## KHARIF-CROPS

આ વર્ષે સારા ચોમાસાને કારણે દેશમાં ખરીફ પાક હેઠળનો વિસ્તાર 14.1 ટકા વધીને ત્રણ કરોડ 78 લાખ 72 હજાર હેક્ટર થયો છે, જે ગયા વર્ષે આ જ સમયગાળામાં ત્રણ કરોડ 31 લાખ 90 હજાર હેક્ટર હતો. કૃષિ મંત્રાલય દ્વારા પ્રસિધ્ધ કરવામાં આવેલા આંકડા પ્રમાણે આ વર્ષે કઠોળનો વાવેતર વિસ્તાર ગયા વર્ષ કરતાં 50 ટકા વધીને 36 લાખ 81

હજાર હેક્ટર થયો છે. કઠોળની અછતને જોતાં આ સારો સંકેત છે. ડાંગરનો વાવેતર વિસ્તાર 50 લાખ 26 હજાર હેક્ટરથી વધીને 59 લાખ 99 હજાર હેક્ટર થયો છે.

આ જ રીતે, તેલિબિયાં, શેરડી અને સોયાબીનનાં વાવેતર વિસ્તારમાં પણ નોંધપાત્ર વધારો થયો છે.

## AMARNATH-PONEY AMBULANCE AND TELECOM

જમ્મુ કાશ્મીરનાં આરોગ્ય સેવા નિર્દેશાલયે રાજ્યમાં અમરનાથ યાત્રા માટે 'પોની એમ્બ્યુલન્સ' સેવા શરૂ કરી છે, જે અંતર્ગત યાત્રીઓને મુસાફરી દરમિયાન ગંભીર બિમારીમાં આરોગ્ય સેવાઓ પૂરી પાડવામાં આવશે.

આરોગ્ય અને મેડિકલ શિક્ષણ સચિવના માર્ગદર્શન હેઠળ કાશ્મીરનાં આરોગ્ય સેવાના નિયામક ડોક્ટર મુશ્તાક અહમદ રાઠરે આ નવીન પહેલ હાથ ધરી છે, જે અંતર્ગત અમરનાથ યાત્રાના બાલતાલ અને પહલગામ એમ બંને માર્ગ પર મેડિકલ કિટ અને ઓક્સિજન સિલિન્ડરથી સજ્જ ખચ્ચર યાત્રીની સાથે સાથે ચાલશે. આ વ્યવસ્થાને પોની એમ્બ્યુલન્સ નામ આપવામાં આવ્યું છે.

તાલીમબધ્ધ કર્મચારીઓ પોની એમ્બ્યુલન્સ સેવા આપશે. તેઓ યાત્રા દરમિયાન યાત્રીને આરોગ્યની સમસ્યા ઊભી થાય ત્યારે ત્વરિત સારવાર આપશે.

દરમિયાન, યાત્રાળુઓની સુવિધા માટે યાત્રાનાં માર્ગ પર મોબાઈલ કનેક્ટિવિટી વધારવામાં આવી છે. દૂરસંદેશાવ્યવહાર વિભાગનાં જણાવ્યા પ્રમાણે કવેરજ વધારવા માટે એરટેલ, રિલાયન્સ જિયો અને

બીએસએનએલ દ્વારા 31 નવી સાઇટ સ્થાપવામાં આવી છે, જેનાંથી સાઇટની કુલ સંખ્યા વધીને 82 થઈ છે. છેલ્લાં નવ દિવસોમાં એક લાખ 82 હજારથી વધુ શ્રધ્ધાળુઓએ અમરનાથની પવિત્ર ગુફાનાં દર્શન કર્યા છે.

## EVE MAHARASHTRA RAINS

મુંબઈ અને તેના પરા વિસ્તારોમાં ભારે વરસાદને પગલે જનજીવન ખોરવાઈ ગયું છે. મુંબઇમાં છ કલાકમાં 12 ઇંચથી વધુ વરસાદને પગલે શહેરની લાઇફલાઇન સમાન લોકલ ટ્રેન અને વિમાન સેવા ખોરવાઈ ગઈ હતી. મુખ્યમંત્રી એકનાથ શિંદેએ નાગરિકોને આવશ્યક હોય તો જ ઘરની બહાર નીકળવા જણાવ્યું છે. પરિસ્થિતિની સમીક્ષા કરવા માટે મુખ્યમંત્રીએ એક ઉચ્ચ સ્તરીય બેઠકની અધ્યક્ષતા કર્યા પછી પત્રકારો સાથે વાત કરતાં જણાવ્યું હતું કે, તમામ ઇમરજન્સી એજન્સીઓ એલર્ટ પર છે. જો કે રોડ અને રેલ વાહનવ્યવહાર ફરી શરૂ થયો છે, પરંતુ લોકોને શહેરમાં નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાઈ જવાની સમસ્યાનો સામનો કરવો પડી રહ્યો છે.

BMC અધિકારીઓ શહેરના તમામ પાણી ભરાવાના સ્થળો પર હાજર છે. મુંબઈ એરપોર્ટ પરની ફ્લાઈટ સેવાઓને પણ ભારે અસર થઈ હતી. ઓછી વિઝિબિલિટીના કારણે 50 ફ્લાઈટ્સ રદ અથવા ડાયવર્ટ કરવામાં આવી છે. દરમિયાન, આવતીકાલ માટે મુંબઈ માટે ઓરેન્જ એલર્ટ જાહેર કર્યું છે. બૃહદ મુંબઈ મહાનગરપાલિકાએ કહ્યું છે કે તેનો ડિઝાસ્ટર મેનેજમેન્ટ કંટ્રોલ રૂમ સક્રિયપણે પરિસ્થિતિ પર નજર રાખી રહ્યો છે.

રત્નાગીરી, રાયગઢ અને સિંધુદુર્ગ જિલ્લામાં ભારે વરસાદને કારણે નાયબ મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસે જણાવ્યું હતું કે સિંધુદુર્ગ જિલ્લામાં નીચાણવાળા વિસ્તારોમાંથી **374** લોકોને બચાવી લેવામાં આવ્યા છે અને સુરક્ષિત સ્થળોએ ખસેડવામાં આવ્યા છે. રત્નાગીરીમાં, રાજ્ય પરિવહનની **405** થી વધુ બસો આજે રદ કરવામાં આવી હતી.

## WEATHER

હવામાન વિભાગે અરૂણાચલ પ્રદેશ અને નાગાલેન્ડ સહિત દેશનાં ઉત્તરપૂર્વ ભાગમાં અતિ ભારે વરસાદ પડવાની આગાહી વ્યક્ત કરી છે. હવામાન વિભાગે પશ્ચિમ કાંઠાના રાજ્યોમાં પણ અતિ ભારે વરસાદની આગાહી કરી છે.

આકાશવાણી સમાચાર સાથેની વાતચીતમાં હવામાન વિભાગના વરિષ્ઠ વૈજ્ઞાનિક સોમા સેન રોયે જણાવ્યું કે, મધ્ય ભારતનાં મોટાં ભાગનાં રાજ્યોમાં પણ ભારે વરસાદ પડી શકે છે. પૂર્વ ભારતમાં ભારેથી અતિ ભારે વરસાદની સંભાવના છે.

## SC-MENSTRUAL LEAVE

સર્વોચ્ચ અદાલતે કેન્દ્ર સરકારને રાજ્યો અને અન્ય હિતધારકો સાથે ચર્ચા કરીને મહિલા કર્મચારીઓ માટે માસિક ધર્મ દરમિયાન રજા અંગેની આદર્શ નિતી ઘડવા નિર્દેશ આપ્યો છે.

ન્યાયમૂર્તિ ડી. વાય. ચંદ્રચૂડ, ન્યાયમૂર્તિ જે. બી. પારડીવાલા અને ન્યાયમૂર્તિ મનોજ મિશ્રાની બનેલી ખંડ પીઠે માસિક ધર્મ નીતિ ઘડવા કેન્દ્ર સરકારને આદેશ આપવાની માંગણી કરતી જાહેર હિતની અરજીઓ ફગાવી દીધી હતી તથા મહિલા અને બાળ વિકાસ મંત્રાલયને આ અંગેની

નીતિ ઘડવાની દિશામાં તમામ હિતધારકો સાથે ચર્ચા કરવા નિર્દેશ આપ્યો હતો.

સર્વોચ્ચ અદાલતે જણાવ્યું હતું કે, આ નીતિ વિષયક મુદ્દો છે અને તેમાં અદાલતે દરમિયાનગીરી કરવાની જરૂર નથી. આ ઉપરાંત, મહિલાઓને માસિક ધર્મ દરમિયાન રજા આપવાનો અદાલતનો નિર્ણય મહિલાઓની રોજગારી પર અસર કરી શકે તેમ છે કારણ કે જો આ પ્રકારની રજા આપવામાં આવે તો રોજગારદાતાઓ મહિલાઓની ભરતી કરવાનું ટાળશે.

## WIMBLEDON

વિમ્બલ્ડનમાં વર્તમાન ચેમ્પિયન કાર્લોસ અલ્કારાઝ અને વિશ્વના પ્રથમ ક્રમાંકિત જૈનિક સિનર ક્વાર્ટર ફાઇનલમાં પહોંચ્યા છે. અલ્કારાઝે ફ્રાન્સના ઉગો હમ્બર્ટને 6-3, 6-4, 1-6 અને 7-5થી હરાવ્યા હતા. અન્ય એક મેચમાં પ્રથમ ક્રમાંકિત સિનરે અમેરિકન હરીફ બેન શેલ્ટનને 6-2, 6-4, 7-6 (9)થી હરાવ્યા હતા. આજે રાત્રે મહત્વની મેચમાં પુરુષ સિંગલ્સમાં સાત વારના ચેમ્પિયન નોવાક જોવિક અને ડેનિશ ખેલાડી હોલ્ગર રૂણે વચ્ચે મુકાબલો થશે.